પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૧ | ૧૨ મે, ૨૦૨૨, ગુરુવાર; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રદ્રોહની કલમ સ્થગિત કરી, નવા કેસ હવે નહીં

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય : જુલાઈના ત્રીજા સપ્તાહમાં આ કેસની આગળની સુનાવણી હાથ ધરવામાં આવશે, ત્યાં સુધી કેન્દ્રને આ મામલે પુનર્વિચાર કરવા માટે કહેવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટમાં આજે રાષ્ટ્રદ્રોહની કલમને સ્થગિત રાખવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ટોચની અદાલતે કેન્દ્ર સરકાર અને અરજીકર્તાની દલીલ સાંભળ્યા બાદ આ કાયદાને સ્થગિત કરવાની સાથે સાથે નવા કેસ દાખલ કરવા પર પણ રોક લગાવી દેવાઈ છે. ક્રિમીનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી)ની કલમ ૧૨૪એ અંતર્ગત આ કેસ નોંધાય છે.

જુલાઈ મહિનાના ત્રીજા સપ્તાહમાં આ કેસની આગળની સુનાવણી હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી કેન્દ્ર સરકારને આ મામલે પુનર્વિચાર કરવા માટે કહેવામાં આવ્યું છે. કોર્ટે જણાવ્યું કે, આ દરમિયાન કેન્દ્ર સરકાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દિશાનિર્દેશ આપી શકે છે.

સુપ્રીમ કોર્ટમાં આજે રાષ્ટ્રદ્રોહ કાયદાની બંધારણીય માન્યતાને પડકારતા કેસ મામલે સુનાવણી થઈ હતી. આ દરમિયાન કેન્દ્ર સરકારનો પક્ષ રાખતા સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કોર્ટને જણાવ્યું કે, તેમણે રાજ્ય સરકારો માટે બહાર પડનારા નિર્દેશનો ડ્રાફ્ટ તૈયાર કરીને રાખ્યો છે. તે પ્રમાણે રાજ્ય સરકારોને સ્પષ્ટ નિર્દેશ હશે કે, જિલ્લા પોલીસ કેપ્ટન એટલે કે,

● અનુસંધાન પાન-૭ પર

# આંધ્રના કેટલાક વિસ્તારમાં વરસાદ

નવી દિલ્હી, તા.૧૧

આંધ્રપ્રદેશમાં 'અસાની' વાવાઝોડુને લઈને હવામાન વિભાગે ચેતવણી બહાર પાડી છે. આ દરમિયાન પ્રદેશના કાકીનાડા જિલ્લાના કેટલાક વિસ્તારમાં બુધવારે સવારથી જ વરસાદ પડી રહ્યો છે. આઈએમડીના જણાવ્યા પ્રમાણે આગામી કેટલાક કલાકો માટે ચક્રવાતના ઉત્તર પશ્ચિમ તરફ વધવાની અને આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા નજીક બંગાળની ખાડીમાં પશ્ચિમ-મધ્ય સુધી પહોંચવાની શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મંગળવારે જ ઓડિશાના વિશેષ રાહત કમિશનર પ્રદીપ કુમાર જેનાએ કહ્યું હતું કે, ચક્રવાત અસાની બુધવારે સવારે આંધ્રના કિનારે કાકીનાડા પહોંચવાની શક્યતા છે.







## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**હૃદયસ્થ મધુસુદન વોરા**

**મહાપ્રયાણ : ૧૨ મે ૨૦૨૧**

હજુ, તો હમણાં મળ્યા'તા....
અને
જોત જોતામાં વર્ષ થઈ ગયું
અમે નથી ભૂલી શકતા તમારી ખેલદિલી અને જીંદાદિલી...
અને
હા, ...પેલું તમારું પ્રિય જીવન સૂત્ર
'કામ તો આખી જીંદગી રહેશે,
બસ જીંદગી કોઈનાં કામમાં આવી જાય તો ઘણું...'
બસ આ જીવનસૂત્ર - જીવન સત્ય
બનાવવા મથામણ કરતા તમારા મિત્રો....

નરેન્દ્ર ગોહેલ
વીરેન્દ્રસિંહ ઝાલા
જનક સંઘાડીઆ
ભાનુભાઈ ભાવસાર
જીતેન્દ્ર પટેલ
હર્ષદ માંડલીયા
દીપક ભટ્ટ

અશોક છનિયારા
ભરત પંડ્યા
વીનેશ સુથાર
પંકજ શાહ
પરેશ પટેલ
વાડીભાઈ વોરા
જયેશ પટેલ

## પ્રથમ પુણ્યતિથિ



## ભાવભીની શ્રદ્ધાંજલિ

**મધુસુદન શાંતિલાલ વોરા**

(૨૧ ઓગસ્ટ ૧૯૫૨ - ૧૨ મે ૨૦૨૧)

પ્રેમાળ આપનું હૈયું, અંતરમાં ઊર્મિ અને મધુર સ્મિત,
પરિવાર આપનું મંદિર, પરિશ્રમ એ કર્તવ્ય, સૌના હતા આપ મિત...
પ્રેરણા રુપ જીવનનું, આપ હતા ઉદાહરણ જ્વલંત
ગયા અમારાથી દૂર પણ, રહેશો હંમેશા હૃદયમાં જીવંત.
જીવન કર્યું આપે સાર્થક અને આપના મીઠાં સંભારણા રહેશે સદાય નજીક.
સદેહે નથી આપ અમારી વચ્ચે, પણ આત્માથી સદાય છો સમીપ.

- સાદર -
જવનિકા વોરા
ભાવિન વોરા અને મેઘના વોરા
હાર્દિક વોરા અને આનલ વોરા
રિદિત વોરા, પહલ વોરા અને રિષભ વોરા

## પ્રથમ પુણ્યતિથિએ પાવન સ્મરણ



**સ્વ. હિરેન રાવલ**

અનંતયાત્રાએ ૧૨મી મે ૨૦૨૧

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
॥ श्रीमद भगवद गीता २:२३ ॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી,
પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૩ ॥

મરણ અહિ છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી
**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ પાવન સ્મરણ**

લી.
**ચેતન પટેલ**
સિદ્ધરાજ ગૃપ